| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૨/૦૧/૨૦૨૫ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૦૮/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૧ કેસ કરી, ૭૯ વ્યક્તિઓને ઝડપી, ૪૯ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૭૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૦૯/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૦/૨૦૨૫

**નિકોલઃ** અર્ચનાબહેન વા/ઓ વિજેન્દ્રસિંહ રાજપુત (ઉ.વ.૪૫) (રહે. બાપાશ્રી પામ રેસીડન્સી કાનબા હોસ્પીટલ પાસે નિકોલ) તા.૩૧/૧૨/૨૦૨૪ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે નિકોલ બાપા શ્રી પામ ફ્લેટના ગેટ આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાઇકલ ઉપર આવેલ બે પુરૂષ અર્ચનાબહેન રાજપુતના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અર્ચનાબહેન રાજપુત એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સિસોદીયા ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૧/૨૦૨૫

**માધવપુરાઃ** વિનોદભાઈ બેચરજી ઠાકોર (ઉ.વ.૫૫) (રહે. ઉર્મિલાનગર સોસાયટી કેન્દ્રીય વિદ્યાલય પાસે દુધેશ્વર રોડ માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૧/૨૦૨૫ સવારના ૧૧/૩૦ થી સાંજના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા વચ્ચે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઈ.શ્રી અમિતસિંહ ગુણવંતસિંહ ચલાવે છે.

**બાપુનગરઃ** વિનાયક સ/ઓ સુરેશભાઇ હરસનપલ્લી (ઉ.વ.૨૬) (રહે. આનંદ ફ્લેટ મંગલમ ફ્લેટની બાજુમાં બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૩૧/૧૨/૨૦૨૪ સાંજના ૬/30 થી ૭/30 વાગ્યા સુધીના સમયગાળા વચ્ચે પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જી.ખૈર ચલાવે છે.

**ઇસનપુરઃ** જતીન ભરતભાઇ ગોરીયા (ઉ.વ.૧૯) (રહે. જાગેશ્વરી સોસાયટી વિભાગ-૧ કંકુબા સ્કુલની બાજુમાં ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૧/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કુંદનકુમાર બાબુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી